મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# નવા વિસ્તારોમાં રથયાત્રા પહોંચે એવી માંગ

**ઉલ્લેખનીય છે કે નવ વિકસિત સેકટરો સે-૪, સે-૫, સે-૬, સે-૩, સે-૩ એ ન્યુ માં પંચદેવ મંદિરથી આવનાર રથયાત્રાના દર્શનનો લાભ સેકટરોના વસાહતીઓને મળતો નથી. તેથી સે-૫ સ્થિત પ્રેરણા સ્કુલના બાળકો દ્વારા રથયાત્રાથી વંચિત જણાયેલ દરેક સેકટરોમાં બાળ રથયાત્રા છેલ્લા ૨ વર્ષથી યોજવામાં આવે છે. આ બાળ રથયાત્રાનું સ્વાગત કરવા અને સહકાર આપવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા આ સેકટરોના વસાહત મંડળો અને વસાહતી અગ્રણીઓને જણાવાયું છે.**



ગાંધીનગર, તા.૨

ભગવાન જગન્નાથજીની રથયાત્રા સે-૨૨ પંચેદવ મંદિરથી દર વર્ષે શહેરના વિવિધ ભાગોમાં પહોંચે છે અને તેનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવે છે. રથયાત્રા સમિતિના બનાવાયેલ રૂટ મુજબ નવા સેકટરો અને ન્યુ ગાંધીનગરના રહેવાસીઓ ભગવાનના દર્શનથી વંચિત રહે છે. આ અંગે કોઈ પગલાં લેવાય અને રથયાત્રા દરેક સેકટરો અને ન્યુ ગાંધીનગરમાં પહોંચે તેવી માંગ ઉઠવા પામી છે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા ઘણા વર્ષોથી ગાંધીનગર શહેરમાં યોજાય છે. જેમાં ભકતો ઉત્સાહભેર જોડાય છે એવું કહી શકાય કે રથયાત્રા એ એવો ઉત્સવ છે જે મનાવવા માટે નાનાથી લઈ મોટા દરેક ઉત્સાહિત હોય છે અને આ દિવસે તો ભગવાન ખુદ પોતાના ભકતોને મળવા સામેથી જાય છે. પરંતુ ગાંધીનગર શહેરમાં અમુક સેકટરો અને ન્યુ ગાંધીનગરમાં ભગવાનની રથયાત્રા પહોંચી શકતી નથી જેનાથી ત્યાંના રહેવાસીઓમાં નિરાશા છે. ભકતો ભગવાનના દર્શન અર્થે મંદિરે કે રથયાત્રા દરમિયાન સમય હોય ત્યારે જઈ શકે છે પરંતુ દરેક જઈ શકે તે પરિસ્થિતિમાં ન પણ હોય સાથે ભકતોની ઈચ્છા છે કે, ભગવાન તેમના સેકટરમાં આવે. સે-૫, સે-૪, સે-૩, સે-૩ એ ન્યુ સાથે ન્યુ ગાંધીનગરના વિસ્તાર સરગાસણ અને કુડાસણના રહેવાસીઓ દ્વારા રથયાત્રાના દર્શનનો લાભ તેમને પોતાના વિસ્તારમાં મળે તેવી માંગ ઉઠવા પામી છે.

# શહેરીજનો, સાચવજો કુતરું કરડી ના જાય...!

**ગાંધીનગરની સિવિલમાં કુતરું કરડવાની સારવાર માટેના ઈન્જેકશનનો સ્ટોક જ નથી**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કુતરું કરડવાની સારવાર માટેના ઈન્જેકશનનો સ્ટોક જ છેલ્લા ૧૫ દિવસથી ખાલી છે. તંત્ર દ્વારા અનેકવાર લેખિત માંગણી કરવા છતા હજુ સુધી ઈન્જેકશનનો સ્ટોક આવ્યો નથી. જયારે કેમ્પસમાં રહેલા મેડીકલ સ્ટોરમાં પણ અછત વર્તાઈ છે. ત્યારે કુતરું કરડી ના જાય તેની તકેદારી નગરજનોએ રાખવાની જરુર છે, નહી તો અમદાવાદ સુધી ઈન્જેકશન લેવા માટે લાંબુ થવુ પડશે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરમાં જે વ્યકિતને કુતરું કરડે તેને એઆરબી ના ઈન્જેકશન આપવામાં આવે છે. આ દર્દીને ચાર આપવામાં આવે છે જેનો સમયગાળો આંતરે દિવસનો હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસથી એઆરબી રસીનો સ્ટોક ખાલીખમ છે. સરકારમાંથી ઈન્જેકશન માટે લેખિત માંગણી કરી તો ત્યાંથી પણ સ્ટોક આપવામાં આવ્યો નથી. જયારે સિવિલ તંત્ર દ્વારા કેમ્પસમાં આવેલા મેડીકલ સ્ટોરમાં પણ એઆરબીના ઈન્જેકશન ખરીદી માટે તપાસ કરવામાં આવી તો ત્યાં પણ સ્ટોકમાં નથી. જયારે મેઈન સપ્લાયર પાસે જ એઆરબી ઈન્જેકશનનો જથ્થો ન હોવાથી શહેરના મેડીકલ સ્ટોરમાં ઈન્જેકશનની અછત વર્તાઈ છે. ત્યારે આ સમયે કોઈ નગરજનોને કુતરુ કરડવાની ઘટના બને તો તે વ્યકતિને અમદાવાદ સુધી લાબા થવાની ફરજ પડે તેવી સ્થિતિ ઉદભવી છે. ત્યારે ગાંધીનગર શહેરના નાગરીકોને હડાકાયું કુતરુ કરડે ત્યારે ઈન્જેકશન લેવા માટે દુર ના જવું પડે તે માટે સિવિલ તંત્રએ આમથી તેમ દોડાદોડી કરીને તાજેતરમાં એઆરબી ઈન્જેકશનનો સ્ટોક કરી દીધો છે.

# સે-૬/૩ની ચોકડીએ ખુલ્લી ગટર રાહદારીઓ માટે જોખમી



ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૬માંથી સેકટર-૩માં જવાના રસ્તે સે-૩ તરફની બાજુએ ફુટપાથની બાજુમાં જ ખુલ્લી ગટર ચેમ્બરના કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ તથા વાહનચાલકો માટે પણ જોખમ જણાઈ રહ્યું છે. ખાસ કરીને સાંજના કે રાત્રિના સમયે ફુટપાથ પરથી પસાર થઈ રહેલા વડિલો માટે આ ખુલ્લી ચેમ્બર જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. વળી, ચોમાસાની ૠતુ ચાલી રહી છે તેથી આ ખુલ્લી ગટર કોઈકનો ભોગ લે તે પહેલા સત્વરે તેનું ઢાંકણ લગાવી બંધ કરવી જરુરી બન્યું છે. આ વિસ્તારના સ્થાનિકોના જણાવ્યા મુજબ આ બાબતે સેકટર-૩ની સુવિધા કચેરીએ અનેકવાર રૂબરૂ જઈ મૌખિક રજુઆત કરી છે પરંતુ આ બાબતે હજુ કોઈ કાર્યવાહી કરાઈ નથી તેથી ઝડપથી આ ખુલ્લી ગટરને બંધ કરવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# રાયપુર ગામે જુગાર રમતા પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામે નદી પાસે આવેલી બાવળની ઝાડીઓમાં જુગાર રમતા પાંચ શકુનીઓ પોલીસના હાથે પકડાઈ ગયા છે. ડભોડા પોલીસે દાવ પરથી રૂ.૧૭૦ અને અંગજડતી દરમિયાન રૂ.૯૯૫૦ મળી કુલ રૂ. ૧૦,૧૨૦ જપ્ત કરી જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડભોડા પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમને બાતમી મળી હતી કે રાયપુર ગામે રામપીરવાળા વાસની પાછળ નદીની કોતરોમાં બાવળની ઝાડીઓમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડીને રાયપુર ગામના પાંચ શકુનીઓને પકડી પાડ્યા હતા. જેમાં ગોવિંદ ઉર્ફે ગગા સોમાજી ડાભી (ઉં.વ.-૩૨), દિના પ્રતાપજી ડાભી (ઉં.વ.૪૨ વર્ષ), બળદેવ શનાજી ઠાકોર (ઉં.વ.-૫૦), કાન્તી બાબરજી ડાભી (ઉં.વ.૫૦), મનુ ઉર્ફે બકા બાબરજી ડાભી (ઉં.વ.૪૨)નો સમાવેશ થાય છે. પોલીસે પાંચેય શકુનીઓને પકડી પાડી કુલ રૂ. ૧૦,૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઘ દોઢ પાસે સે-૩ના યુવાનોનું વૃક્ષારોપણ

શહેરમાં સતત ઘટતી જતી વનરાજીના પગલે પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતાની લાગણી પ્રવર્તી રહી છે. એક તરફ પાટનગર 'ગ્રીનેસ્ટ કેપિટલ'માંથી હવે 'ગ્રીનસિટી' સુધ્ધાંનું ગૌરવ પણ ગુમાવી ચુકયું છે ત્યારે શહેરને ફરી આ બિરુદ પ્રાપ્ત થાય તે માટે શહેરના યુવા પર્યાવરણ પ્રેમીઓએ કમરકસી છે. વિકાસના નામે કપાતા વૃક્ષો સામે હવે શહેરના પર્યાવરણ પ્રેમીઓ વક્ષોનું વાવેતર કરી નુકસાની ભરપાઈ કરવા મથી રહ્યા છે. શહેરના ઘ દોઢ સર્કલ પાસે સેકટર-૩માં યુવા પર્યાવરણ પ્રેમી રિતેશ સોની તથા તેમના ગ્રુપ દ્વારા સારી રીતે ઉછરી શકે તેવા લીમડાના રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવ્યું હતું.



## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની વસાહત મંડળોને રથયાત્રામાં સેવારૂપ થવા અપીલ

શહેરની રથયાત્રા સે-૨૨ પંચદેવ મંદિરથી સેકટરોમાં જાહેર દર્શનાર્થે જાય છે. આ વર્ષે પણ ગુરુવારે સવારે રથયાત્રા સમિતિના નક્કી કરેલા રૂટ મુજબ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે. રથયાત્રાના સ્વાગત માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સાથે સંકળાયેલ ૪૦ વસાહત મંડળો દ્વારા પોતાને લાગુ પડતા વિસ્તારમાં ઠંડા પીણાં કે છાશની વ્યવસ્થા કરવામાં આવે તેવી અપીલ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ જી. બિહોલા દ્વારા કરવામાં આવી છે.



એવું કહેવાય છે કે ચોમાસાના ચાર મહિના દરમિયાન પ્રકૃતિ રોજે રોજ જુદા જુદા રંગ દેખાડતા સ્વરૂપ ધારણ કરતી હોય છે. પરંતુ પાટનગરમાં તો રોડ સાઈડ ખુલ્લામાં ફુટપાથ પર વસી રહેલા શ્રમિકોની જરૂરિયાતે પણ અજબ રંગબેરંગી માહોલ સર્જયો છે. શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યોમાં શ્રમ કરી પેટિયું રળવા આવેલા શ્રમજીવી પરિવારો સેકટર-૬માં ફુટપાથ પર લાઈન બંધ ઝુંપડા બાંધી રહે છે તેમણે ચોમાસાની ૠતુમાં વરસાદથી બચવા પોતાના ઝુંપડા પર પ્લાસ્ટિકની તાડપત્રીઓ લગાડી છે. હવે આ તાડપત્રીઓ અલગ અલગ રંગની હોવાને કારણે આ ઝુંપડપટ્ટીની હારમાળા આકર્ષક 'રંગબેરંગી કોલોની' જેવો નજારો ખડો કરી રહી છે જે ત્યાંથી પસાર થતા શહેરીજનોને 'મનમોહક' ભાસી રહી છે પરંતુ તેમાં રહેતા શ્રમજીવીઓ પોતે જ જાણે છે કે તેમની આ મજબુરી કેટ કેટલા રંગ દેખાડી રહી છે...!!





નવા સચિવાલય ખાતે વાહન પાર્કિંગ માટે અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગની સુવિધા પણ બનાવાયેલી છે. નવા સચિવાલયના બ્લોક નં. ૬ની સામેના ભાગે જયાં પાર્કિંગ લોટ આવેલો છે ત્યાંથી અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં જવાનો પણ રસ્તો છે તેની બાજુમાંથી પસાર થતી ડ્રેનેજ લાઈનમાં ગાબડું પડી જવાને કારણે ગટરનું બધું ગંદુ પાણી અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં જવાના રસ્તા પર જ પડી રહ્યું છે જેના કારણે ત્યાં દુર્ગંધનું સામ્રાજય તો છવાયું છે જેનાથી વાહન પાર્કિંગ માટે ત્યાંથી પસાર થવું કે ઉભા રહેવું પણ તકલીફદાયક બનવા પામ્યું છે.

# ચાતુર્માસાર્થે પધારી રહેલા આચાર્ય ભગવંતોનું ભવ્ય સામૈયું કરાશે

**જાણીતા વિશિષ્ટ પ્રવચનકાર આચાર્ય પૂ. વિજય ઉદય વલ્લભસૂરિજી મ.સા.ની વાણીનો ચાર માસ સુધી શહેરને લાભ મળશે : યુવા વર્ગ માટે ખાસ શ્રેણી ચલાવાશે**

## ચાતુર્માસ પૂર્વે ૩ દિવસ સેકટર-૩-ડી ખાતે સ્થિરતા કરશે

સેકટર-૨૨માં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ખાતે ચાતુર્માસે પધારનાર આચાર્ય ભગવંતો પૂ. મેઘ વલ્લભ સૂરીશ્વરજી મ.સા., પૂ.ઉદય વલ્લભસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. હૃદયવલ્લભસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ચાતુર્માસ પ્રવેશ પહેલા તા. ૪થી જુલાઈએ સેકટર-૩માં સીધો નગર પ્રવશ કરશે અને ત્રણ દિવસ સ્થિરતા કરશે તથા તેમની વાણીનો લાભ આપશે. આ ત્રણ દિવસ દરમિયાન તા. ૪થી જુલાઈએ સવારે ૭ કલાકે અને તા. ૫ અને ૬ જુલાઈએ ૭.૪૫ કલાકે પ્રવચન કરશે ત્યાર બાદ સે-૨૨ તરફ ચાતુર્માસ માટે વિહાર કરશે.

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં સેકટર-૨૨માં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે તા. ૭મી જુલાઈ વરિવારે વર્તમાન સમયના જાણીતા વિશિષ્ટ પ્રવચનકાર આચાર્ય પૂ. વિય ઉદય વલ્લભસૂરિજી મ.સા. તથા અન્ય આચાર્ય ભગવંતો સહિત ચાતુર્માસ માટે પધારશે. આ પ્રસંગે સવારે ૭.૩૦ કલાકે જિલ્લા પંચાયત પાસે સામૈયું કરાશે. આચાર્યશ્રી દ્વારા ચાતુર્માસ દરમિયાન દૈનિક પ્રવચનો, રાત્રિ પ્રવચનો, શિબિરો તથા કોલેજીયન યુવા વર્ગ માટે ખાસ 'પરફેકટીંગ યુથ સેશન'ની શ્રેણી ચલાવાશે.

ચાતુર્માસિક નિશ્રા પ્રસંગે ગચ્છાધિપતિ વિજય જયઘોષ સુરીશ્વરજી મ.સા. સમુદાયના આચાર્ય પૂ. વિજય જગવલ્લભસુરીશ્વરજી મ.સાના શિષ્યરત્નો એવા આચાર્ય પૂ. વિજય મેઘવલ્લભસૂરિજી મ.સા., પૂ. વિજય ઉદયવલ્લભસૂરિજી મ.સા, પૂ. વિજય હૃદયવલ્લભસૂરિજી મ.સા. તથા પૂ. ભુવનસુંદર વિજયજી મ.સા., પૂ. ગુણસુંદરવિજયજી મ.સા. આદિઠાણા-૨૩ પધારશે. આ સાથે શ્રમણી ગણનાયક આચાર્ય પૂ. વિજય અભય શેખર સૂરિજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની સાધ્વી સ્વયંપ્રભાજી મ.સા.ના શિષ્યા સાધ્વીદર્શનરત્નાજી મ.સા. આદિઠાણા-૧૧ પણ પધારશે. સામૈયા બાદ ૯ કલાકે જૈન મંદિરે વ્યાખ્યાન યોજાશે.

## ચાતુર્માસિક વિશેષ કાર્યક્રમોમાં પાંચ શિબિર યોજાશે

ચાતુર્માસિક વિશેષ કાર્યક્રમોનો પ્રારંભ તા. ૧૪મી જુલાઈ રવિવારે 'પરફેકટીંગ યુથ સેશન-પીવાયએસ'થી થશે ત્યારબાદ તા. ૨૧મી જુલાઈએ પહેલી શિબિર માતૃવંદના, તા. ૨૮મી જુલાઈએ બીજી શિબિર, તા. ૪થી ઓગસ્ટે ત્રીજી શિબિર, તા. ૧૧મી ઓગસ્ટે ચોથી શિબિર કેસરિયો રંગ યોજાશે. આ પછી તા. ૧૫મી ઓગસ્ટે ફરી પીવાયએસ અને તા. ૧૮મી ઓગસ્ટે ૫મી શિબિર ક્ષમાપના યોજાશે. આ ઉપરાંત દૈનિક પ્રવચન દરરોજ સવારે ૭.૪૫ થી ૮.૫ દરમિયાન અને રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે. આ સાથે રાત્રિ પ્રવચન અને પર્યુષણ પર્વ દરમિયાન પણ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

## ગુરુવારે ગાંધીનગર શહેર પેન્શનર સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની જુલાઈ ૨૦૧૯ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૪થી જુલાઈના ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે પાંચ વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સેકટર-૨૨ ખાતે યોજાશે.

વિદ્યાર્થી સન્માન સમારંભ કાર્યક્રમમાં પ્રતિનિધિઓને કામગીરીની વહેંચણી વ્યવસ્થાની ચર્ચા કરવાની હોઈ કાર્યવાહક સમિતિના સભ્યોએ હાજર રહેવા માટે પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

## કનુભાઈ દવે પરંપરાગત રીતે રથયાત્રાનું સ્વાગત કરશે

ગાંધીનગર, તા.૨

પંચદેવ મંદિરથી નીકળનાર રથયાત્રાનું શ્રી સ્વામિનારાયણ મંદિર શોપીંગ સેન્ટર પાસે સેકટર-૬-બીમાં કનુભાઈ દવે પરંપરાગત મહારાજા સિધ્ધરાજના સમયમાં સાધુ-સંતોનું કાંસ્ય થાળીથી રણકાર કરીને સ્વાગત કરશે જયારે સમાજ અગ્રણી પ્રતિભાબેન દવે આરતી કરશે.

## શનિવારે 'અલબેલા સજન' સંગીત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

કલાગુર્જરી ગાંધીનગર આયોજીત અને કેપિટલ ક્રીએટીવ કલબના સહયોગથી શાસ્ત્રીય રાગો પર આધારિત 'અલબેલા સજન' કાર્યક્રમ યોજાશે. તા. ૬ જુલાઈના રોજ સાંજે ૯.૩૧ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાનાર જાણીતા અને લોકપ્રિય જુની ફિલ્મોના સદાબહાર ગીતોના કાર્યક્રમની રજુઆત અનિકેત ખાંડેકર, પ્રથા ખાંડેકર, નીરજ પાઠક, કિરાત શુકલ દ્વારા કરવામાં આવશે. સંગીત સંચાલન પંકજ પાઠક અને શૈલેષ ઠાકર દ્વારા કરવામાં આવશે તેમ કલાગુર્જરીના પ્રમુખ એન.પી પટેલ અને કેપીટલ ક્રીએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલ દ્વારા જણાવાયું છે.

## બ્રહ્મસમાજના ગણેશોત્સવની પ્રવૃત્તિના ફોર્મ વિતરણની શરૂઆત

ગાંધીનગર, તા.૨

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના સહયોગથી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવની ઉજવણી કરાશે. તા. ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મંદિરના સાંનિધ્યમાં ઉજવાનાર ગણેશોત્સવમાં બ્રાહ્મણ સમાજના બાળકો, યુવાઓ અને વડીલો ભાગ લઈ શકશે. જે અંતર્ગત તા. ૨ સપ્ટેમ્બર અને ૩ સપ્ટેમ્બરના રોજ અનુક્રમે સીંગીંગ અને ડાન્સીંગનો કાર્યક્રમ રાખવામાં આવશે. જેમાં ભાગ લેવા માટે ફોર્મ બ્રહ્મભવન સે-૧૬ ખાતેથી સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૭.૩૦ વાગ્યા સુધીમાં મળશે. ફોર્મની વિગતો ભરીને બ્રહ્મભવન ખાતે નિયત સમયે પરત કરવા સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. બિહોલા જીલુજી પ્રતાપજી, ઉ.વ. ૬૨
- સ્વ. પ્રભાતબા લક્ષ્મણજી ગોહિલ, ઉ.વ. ૯૫
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી રાગુજી, ઉ.વ. ૪૦
- સ્વ. કોરી બુધનાબેન લલનભાઈ, ઉ.વ. ૭૩
- સ્વ. હિરાબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૮૦